સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી,
# જોરાવર પેલેસ,બનાસકાંઠા,પાલનપુર

पढ़े चलो, बढ़े चलो
RASHTRIYA MADHYAMIK SHIKSHA ABHIYAN

Email Id :bnsdeo@gmail.com Phone No: 02742- 257055

ક્રમાંકઃમા.વિ.૩/NSS/૨૦૧૯/૪૯૨૮-૪૯૭૨ તા.૨૯/૦૧/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
NSS પ્રવૃતિ ચલાવતી યાદી મુજબની શાળાઓ તરફ,
પાલનપુર,બનાસકાંઠા

**વિષયઃ– એન.એસ.એસ. ની શાળા દવારા થતી પ્રવૃતિઓ અંગે...**

સંદર્ભઃ–૧. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચરી,ગાંધીનગરના પત્રક્રમાંકઃરસય/૦૯/+રકક્ષા /ને.એ. /૨૦૧૯ /૪૪ થી ૬૮ તા.૨૫/૦૧/૨૦૧૯

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,આપની શાળામાં રાષ્ટ્રીય સેવા યોજના તળે કાર્યરત પ્રોગ્રામ ઓફિસરનું નામ,શૈક્ષણિક લાયકાત, કેટલા વર્ષથી પ્રોગ્રામ ઓફીસર તરીકે સેવા બજાવે છે તેમજ તેઓએ તાલીમ લીધેલ છે કે કેમ તેની માહીતી મોકલી આપવાની રહેશે.

આપની શાળાના એન.એસ.એસ યુનિટ દવારા યોજવામાં આવનાર એન.એસ.એસ.ની દિન–૭ ની ખાસ શિબિર અંગેની માહીતી તથા જે શાળાઓએ એન.એસ.એસ.ની ખાસ શિબિર કરેલ હોય તેનો વિગતવાર અહેવાલ ફોટો ગ્રાફસ સાથે મોકલી આપવા જણાવવામાં આવે છે.

જે શાળાના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોએ બે વર્ષ દરમ્યાન કુલ–૨૪૦ કલાકની નિયમિત સેવા પ્રવૃતિ તથા ખાસ શિબિર અંતર્ગત ૦૭ દિવસ સેવા કાર્ય કરેલ હોય તેવા સ્વયંસેવકોને જ પ્રમાણપત્ર આપવાનું થાય છે. તો ૨૪૦ કલાક ની નિયમિત સેવા પ્રવૃતિ તથા ખાસ શિબિર અંતર્ગત ૦૭ દિવસ સેવા કાર્ય કરેલ હોય તેવા સ્વયંસેવકોના નામની યાદી પ્રોગ્રામ ઓફીસરના પ્રમાણપત્ર સાથે અત્રેની કચેરીએ મોકલી આપવાનું રાખવું.

ઉપરોકત તમામ માહીતી દિન–૨ માં અત્રેની કચેરીના મા.વિ.૩ શાખામાં રૂબરૂ મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર